## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

ફાયદા ન આપવાનું બહાનું બને છે આધાર,
વચેટિયાનાં ઉઘરાણાં માટે બને છે - 'આધાર'
નિરાધારોનો અભિમન્યુ કોઠો બને છે આધાર -
- તો ક્યાંક ધારદાર હથિયાર બને છે આધાર!
(સુપ્રીમ બેંચમાં...)

હાઈકુ

દિલાસો સાચો!
લ્યો, વરસી આગાહી -
બેઠો વિશ્વાસ...
(શ્રી અંબારામને અભિનંદન)

લ્યો! ખેડૂતોની -
આસ્થાની લોન પર -
વરસ્યું સોનું...
(ઝરમર ઝાપટાં)

### ચિંતન

વૈદૂષ્યમલંકારેણાચ્છાદ્યતે ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વિદ્યા જ મનુષ્યની સાચી સુંદરતા છે. મનુષ્ય શૃંગારપ્રિય હોય અને સાથે સાથે વિદ્વાન હોય પણ એ બંને વિરોધાભાસી બાબતો છે. વિદ્વાન મનુષ્યનું હૃદય જ્ઞાનજ્યોતિથી પ્રકાશમાન અને સુશોભિત હોય છે. જ્ઞાન જ વિદ્વાનનું સાચું આવરણ છે. જો કોઈ વિદ્વાન નામધારી પુરુષનું સ્ત્રી કૃત્રિમ આભૂષણો અને સાજસજ્જાથી દેહ સજાવી વિદ્વાન કે જ્ઞાની હોવાનો દંભ કરે તો સમજી લેવું કે તેની વિદ્યા જ્ઞાનરહિત છે.

વિદ્યા એ તપનું ફળ છે. તેથી જ વિદ્યાનું તેજ વિદ્યાર્થી અને વિદ્વાનના મુખારવિંદ પર પ્રકાશતું હોય છે આવા વિદ્વાન યુવાનોને 'બ્યુટી પાર્લર' ની મૂલાકાતે જવું નથી પડતું, વિદ્યા જ આભૂષણ - શણગાર છે.

### સુવિચાર

- લોકોને મદદ કરવાનું પટેલ પગલું એમનામાં શ્રદ્ધા રાખવી તે છે - **જનકલ્યાણ**
- લોભી માણસોની ધનપેટીઓ સમૃદ્ધ હોય છે, તેઓ પોતે નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- ઉદાસીનતા એ હંમેશા ભૂતકાળનો વારસો છે, દુઃખ એ સ્મૃતિની તકલીફો છે - **ભૂપત વડોદરિયા**
- શરીરમાં આત્મા કશું જ કરતો નથી, ખાલી પ્રકાશ જ ફેંકે છે,
  તેમાં મન-બુદ્ધિ-ચિત્તને અહંકાર તેના પ્રકાશમાં કામ કર્યા કરે છે - **દાદા ભગવાન**
- ભગવાન કહે છે, 'આત્માને અગ્નિ બાળી શકે નહીં,
  અગ્નિ સ્થૂળ છે ને આત્મા સૂક્ષ્મ સ્વરુપ છે, સૂક્ષ્મને સ્થૂળ બાળી શકે નહીં' - **અખંડ આનંદ**
- 'હું કોણ છું' એ ના જાણવું ને ભટક્યા કરવું એનું નામ 'માયા' - **રમણ મહર્ષિ**
- આજનું ઔષધ : તલ વાટી સફેદ માખણમાં ખાવાથી હરસ મસા મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

આપણી આરાધના અને ઉપાસના ફળતી નથી એનું રહસ્ય એ જ છે કે આપણે એ ઉપાસના કરતી વખતે જે જે ભૂલવું જોઈએ એની જ ભ્રમણામાં અટવાયેલા રહેતા હોઈએ છીએ.

એક સાધુ પાસે એક સ્વાર્થી માણસ આવ્યો. અને જીદ કરવા લાગ્યો કે... મારી ગરીબી દૂર થાય એવો કોઈ મંત્ર મને તાત્કાલિક આપો... સાધુ ભોળા ભાવે પેલાને ઘણો સમજાવ્યો... કે, 'જો કોઈ અયોગ્ય માણસના હાથમાં આ મહામંત્ર આવી જાય તો અનર્થ સર્જાય. પેલો માણસ જીદ પર હતો... સાધુને ખોટા આંસુ સારીને મહામંત્ર લઈને જ ઊભો થયો... પરંતુ જેવો એ માણસ દરવાજે પહોંચ્યો કે તરત સાધુએ એને પાછો બોલાવીને કહ્યું, 'ભાઈ, તને ને જે મહામંત્ર શિખવાડ્યો છે એની સામે તું એટલું ધ્યાન જરૂર રાખજે કે આ મહામંત્રનો પ્રયોગ કરતી વખતે તમારી હાથીને યાદ નહીં કરવાનો... જો આ વાતનું પાલન તું નહીં કરે તો મેં આપેલો મંત્ર તરત જ અસફળ થઈ જશે.'

હવે પેલો માણસ જેટલી વાર મહામંત્રનો પ્રયોગ કરવા બેસે એટલી વાર તેને હાથી અચૂક યાદ આવતો અને એનો પ્રયોગ પણ નિષ્ફળ જતો... મોટા ભાગના માણસોની આજ ખાસિયત છે, કે જેને તે ભૂલવા માગે છે એમાં જ એ ડૂબેલો રહે છે. ધર્મ સાધનામાં બેસતી વખતે ઘર અને વ્યવસાય ભૂલવા જોઈએ પણ એ ભૂલી શકતો નથી.

# હૃદયદ્રાવક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં બે મહાનગરો વચ્ચે આર્થિક સ્પર્ધાને બદલે હાર્દિક સ્પર્ધા ચાલતી હોય એવી સુખદ ઘટનાઓ બનવા લાગી છે. સુરતમાંથી ગુજરાતને કરોડો રૂપિયાનાં વિકાસલક્ષી અને સેવાલક્ષી દાન તો મળતાં જ રહ્યાં છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી સુરત શહેર 'હૃદયદાન' આપી નવા વિક્રમો આંબી રહ્યું છે. તબીબી ક્ષેત્રે અમદાવાદમાં હવે વર્લ્ડ ક્લાસ હોસ્પિટલો ઉપલબ્ધ થઈ છે અને ક્યારેક તો એ ચમત્કારિક કહેવાય એમાં સુખદ પરિણામો આપે છે. માનવજીવનથી વધુ મૂલ્યવાન બીજું શું હોઈ શકે ? મૃત્યુ સામે ઝઝૂમતા દરદીને ઓચિંતી જ કોઈ કૅડેવર કિડની મળી જાય કે બ્રેનડેડ વ્યક્તિમાંથી સમયસર કાઢી લીધેલું હૃદય એની છાતીમાં ફિટ કરી દેવાય ત્યારે આયુર્વેદના આદિ દેવતા ભગવાન ધન્વનંતરિ અને ઍલોપથીના આદિપુરુષ હિપોક્રેટ્સ બેઉને એમની વારસાઈ ભોગવતા તજજ્ઞ ડૉકટરોની સિદ્ધિઓ બદલ ગર્વ અને ગૌરવ જ મહેસૂસ થતાં હશે. આધુનિક તબીબી વિજ્ઞાન મરણાસન્ન માનવીને નવું જીવન બક્ષવાના પ્રયોગો કરતું રહે છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ પછી હવે આ પ્રયોગ હૃદયના ટ્રાન્સપ્લાન્ટ સુધી વિસ્તર્યો છે. આવી અપ્રતિમ સફળતા પાછી ગુજરાતના તબીબોએ અંકે કરી છે તે આપણા માટે ગર્વ લેવા જેવી ઘટના છે. સુરતમાંથી શરુ થયેલ અંગદાન ક્યારેક મુંબઈ તો ક્યારેક અમદાવાદની હોસ્પિટલોમાં એવાં અંગોની ઉત્કટતાપૂર્વક રાહ જોઈ રહેલા દરદીઓ સુધી પહોંચાડવા માટે 'ગ્રીન કોરિડોર' જેવી ત્વરિત વિતરણ વ્યવસ્થા ઊભી કરવામાં તંત્ર પણ ઉમળકાભર્યો સહયોગ કરે એછે. હળપતિ જેવા શ્રમજીવી સમાજના યુવાનનાં માતાપિતા અને પરિવારજનો એ બ્રેનડેડ થઈ ગયેલ હોઈ હવે ક્યારેક જીવતો થવાનો નથી - એની ખાતરી મળતાં પોતાના વહાલા સ્વજનનાં હજી ધબકતાં હૃદય સહિતનાં અંગો અજાણ્યા માનવબંધુઓને અર્પણ કરવા સહમત થાય અને એ માટેની ત્વરિત કાર્યવાહી કરી અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા આણંદના એક મુસ્લિમ બંધુને એનું હૃદય ટ્રાન્સપ્લાન્ટ કરી નવજીવન બક્ષવામાં આવે ત્યારે કોનું હૈયું ગદ્ગદ્ નહીં થયું હોય!

આ એ જ ગુજરાત છે જે કોમી દંગલોને કારણે વારંવાર વગોવાયું છે. રાજકારણીઓ કે ધર્મધુરંધરોએ આ હળપતિ - મુસ્લિમ વચ્ચેના ઋણાનુબંધથી જરૂર કોઈ પોઝિટિવ માનવધર્મનો બોધપાઠ લેવો જ રહ્યો. બ્રેનડેડ દરદીની બેઉ કિડની અને લિવર - પેનક્રિયાસ પણ જીવલેણ બિમારી સામે ઝઝૂમી રહેલા દર્દીઓને ખપ લાગ્યા. એક વ્યક્તિએ અકસ્માતમાં જીવન ગુમાવ્યો પણ એક સાથે એ અનેક જણને જીવનદાન આપતી ગઈ તે શું કોઈ નાની સૂની ઘટના છે ? આવા પ્રેરણાદાયક પ્રસંગોના સાક્ષી બનતાં પણ આપણને ગૌરવનો જ અનુભવ થાય. અમદાવાદમાં નવી સિવિલ હોસ્પિટલના પરિવારમાં જ ડૉ. એચ.એલ. ત્રિવેદીની માનસકન્યા સમી કિડની હોસ્પિટલ ખાતે શરૂ થયેલી આ ટ્રાન્સપ્લાન્ટેશન સર્જરી હવે અન્યત્ર સીમ્સ જેવી અદ્યતન હોસ્પિટલોમાં સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સુધીની મજલ આંબી ચૂકી છે ત્યારે થોડી ગ્લાનિ એ મુદ્દે અનુભવાય છે કે શું આવાં ઓપરેશનો સરકારી હોસ્પિટલો ખાતે ન થઈ શકે? કિડની હોસ્પિટલ સખી દાતાઓના દાનથી અને સરકારના સહયોગથી કિડની ટ્રાન્સપ્લાન્ટ જેવી મોંઘીદાટ સર્જરી સાવ નજીવા બલકે ગરીબ દરદીઓ માટે તો તદ્દન મફત કરી આપે છે. પરંતુ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ ગણાતી સિવિલ હોસ્પિટલમાં આવાં ઓપરેશન થતાં નથી. એ માટે તો યુ.એન.મહેતા જેવી ટ્રસ્ટ સંચાલિત હાર્ટ હોસ્પિટલોથી લઈ સીમ્સ જેવી ખાનગી હોસ્પિટલોનો જ આશ્રય લેવો પડતો હોય છે. ગુજરાતમાં ઠેર ઠેર મેડિકલ કૉલેજ આપવાની સરકારની ઉદારનીતિ ભલે રાજકીય હેતુ પ્રેરિત હોય તો પણ વખાણવાલાયક છે, પણ જેવું ગુણવત્તાવાળું કામ મૂઠીભર ટ્રસ્ટ હોસ્પિટલો કે મોંઘીદાટ ખાનગી હોસ્પિટો આપે છે, એવું આપણી સરકારી હોસ્પિટલો નથી આપી શકતી તે આપણી કમનસીબી છે. ફરી એક વાર બ્રેનડેડ આદિવાસી બાંધુનું હૈયું એક મુસ્લિમ વહોરાજીની છાતીમાં ધબકી રહ્યું છે, એ બદલ દિવંગત દાતાના આત્માને ઈશ્વર શાંતિ આપે એવી પ્રાર્થના. એમના અંગદાનથી જીવનદાન મેળવનારા તમામને અભિનંદન અને આ ઘટનામાંથી સમાજ અંગદાનની પ્રેરણા લે એવી અપેક્ષા સાથે કાળા માથાના માનવીએ હાંસલ કરેલી સિદ્ધિનું ગૌરવ અનુભવીએ.

# શાળામાં બહુ જ વહેલું અંગ્રેજી દાખલ કરવાથી કેળવણીને ભારે હાનિ પહોંચી છે

**ગાંધી ૧૦૦**



ડૉ. રાજેન્દ્ર જાની

**સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓએ ગાંધીના કેળવણી વિચારને અમલમાં મૂકવો જોઈએ**

૧૯૩૯માં કોંગ્રેસના હરિપારુ અધિવેશનમાં હિન્દુસ્તાની તાલીમી સંઘને કેટલીક શાળાઓમાં પ્રાથમિક ધોરણે વર્ધા યોજના અનુસાર શિક્ષણ આપવાનું ઠરાવાયું હતું. આ શાળાઓમાં વર્ધા યોજનાની સાચી બાબતો પૂરવાર થઈ શકે છે એ તમામને દર્શાવી શકાય એવો પ્રયાસ હતો. આ રીતે સમગ્ર દેશના અનેક પ્રાંતોમાં પાયાની કેળવણીનું કામ શરુ થયું હતું. ૧૯૩૯નું એ વર્ષ એ રીતે પ્રારંભિક વર્ષની સાથે આશા અને પ્રેરણાનું વર્ષ હતું. ગાંધીજીના કેળવણી વિચારને ભારતીય સમાજમાં વિશાળ પાયા પર વિસ્તૃત કરવા માટે અનેક વિશ્વ વિદ્યાલયોએ પણ પોતાનો સહકાર આપવા આગળ આવી હતી. વિશ્વ વિદ્યાલયના અધ્યાપકો - સંશોધોકોએ પાયાની કેળવવાની સાથે જોડાયેલા શિક્ષકોને તાલીમ આપવાનું કામ ઉપાડી લીધું હતું. એ સમયે દેશના ૧૧ પ્રાંતમાંથી ૭ પ્રાંતમાં કોંગ્રસની સ્થાનિક પ્રાંતિક સરકાર હતી. પાયાની કેળવણીના વિકાસ માટે આ સ્થાનિક સરકારોનો પણ ખાસો સહકાર સાંપડ્યો હતો. દેશભરમાં પાયાની તાલીમ આપવાના શિક્ષણ કાર્યનો પ્રયોગ દોઢ વર્ષ સુધી ચાલ્યો હતો એ પછી આ ક્ષેત્રમાં કામ કરતા કાર્યકર્તા - શિક્ષકોની સાથે ચર્ચા કરવા માટે એક પરિષદ બોલાવા અને એમાં થતાં વિચાર વિમર્શ થકી શિક્ષકોના શિક્ષણ અનુભવ નિચોડ સાથે સર્વસામાન્ય નીતિ અંગે નિર્ણય લઈ શકાય. પુના ખાતે મળેલી આ પરિષદમાં 'વર્ધા યોજના' કેવી રીતે કાર્યરત છે. તે વિશે ઉપસ્થિત સદભાગીઓ વચ્ચે મોકળાશથી ચર્ચા થઈ અને પરિષદ કેટલાંક નિર્ણયો પર આવી હતી. આ મુદ્દાઓ ઉપર નજર નાંખીએ તો પરિષદ ૧૯૪૦માં મળી એ પછીના ૭૭ વર્ષે આજે પણ શિક્ષણના સમાધાન માગતા કેટલાંક પ્રશ્નો એમને એમ જ વણઉકલ્યા અને વણ વિચાર્યા પડ્યા રહ્યા છે એમ જણાય છે.

પરિષદે કુલ ૧૫ નિર્ણયો જાહેર કર્યા હતા. જે પૈકી પહેલો મુદ્દો આજે પણ એટલો જ ચર્ચા માગી લે તેવો મુદ્દો છે. પહેલાં મુદ્દામાં પરિષદે દર્શાવ્યું કે અભ્યાસમાં બહુ જ વહેલું અંગ્રેજી દાખલ કરવામાં આવતું હોવાથી હિંદમાં કેળવણીને ભારે હાનિ પહોંચી છે. વિદ્યાર્થીઓને પરદેશી ભાષા દ્વારા વસ્તુઓ શીખવવાની ફરજ પાડવામાં આવે છે તેથી તેમને અન્યાય થાય છે અને નુકશાન પહોંચે છે.

પરિષદે એમ પણ દર્શાવ્યું કે નુકશાન અને અન્યાયની વાત બાજુએ રાખીએ તો પણ હિંદની ભાષાઓનો શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવતો ન હોવાથી એ ભાષાઓને શિક્ષણના વાહન તરીકે પારાવાર નુકશાન થાય છે. આ પ્રાંતિય ભાષાઓમાં શિક્ષણ ન અપાતું હોવા સામે પરિષદે ફરિયાદી સૂરમાં ભલામણ કરી હતી કે પાયાની શાળાઓમાં વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં સાત વરસ સુધી વ્યવસ્થિત શિક્ષણ ન પામે ત્યાં સુધી કોઈ પણ વિદ્યાર્થીને અંગ્રેજી શીખવવું જોઈએ નહીં તેવો નિયમ કરવા જોઈએ.

શિક્ષણ એ સામાજિક વિકાસ અને સામાજિક પરિવર્તન આણવાનું અભિન્ન એકમ છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# ગ્રંથનો પંથ : એક પ્રશંસનીય પ્રયાસ

**ક્ષણના ચણીબોર**



વી. એસ. ગઢવી

સંતરામ મહારાજ અને સરસ્વતીચન્દ્રના યુગ પ્રભાવી સર્જકની ભૂમિ પર સૌ ગ્રંથના પંથના મર્મજ્ઞ પથિકો દર માસે નિયમિત રીતે મળે છે. ડાહી લક્ષ્મી લાયબ્રેરીનું પ્રાચીન મકાન અનેક સાહિતયપ્રેમી લોકોના આગમનથી જીવંત બની રહે છે. શાક્ષરોની નગરી નડિયાદના આ ગ્રંથના પંથની કાર્યક્રમ શ્રેણીએ શોભાયમાન શહેરની શોભામાં અભિવૃધ્ધિ કરી છે. આ કાર્યક્રમનું સાતત્ય પણ નડિયાદના નગરજનો તરફ તથા આ સમગ્ર પ્રયાસના આયોજકો તરફ આદર ઉપજાવે તેવું છે. કાર્યક્રમને ચાર વર્ષ પૂરા થયા. ૨૦૧૭ના વર્ષમાં આત્મકથા સંબંધિત સાહિત્યની એક કૃતિ વિશે દર મહીને એક વક્તા વાત કરે છે. આવતા વર્ષે એટલે કે ૨૦૧૮ માં ગુજરાતની ટૂંકીવાર્તાઓ સંબંધી વ્યાખ્યાનમાળા યોજવાની વિચારણા છે તેમ કાર્યક્રમના સંયોજક શ્રી હસિતભાઈ મહેતાએ જણાવ્યું. આ રીતે વૈવિધ્યતા લાવીને આવા કાર્યક્રમને વિશેષ રસપ્રદ બનાવવાની પણ સૂઝ તેમાં જોવા મળે છે. ૨૦૧૭ ના જુલાઈ માસના પહેલા રવિવારે શ્રી હસમુખભાઈ શાહની કૃતિ 'દીઠું મેં..' વિશે વાત કરવાના ઉપક્રમ નીમીત્તે જવાનું થયું તેથી આ બધી ઉત્સાહવર્ધક માહિતી મળી શકી. કોઈ શહેરના નાગરિકોની સવતલ માટેના માળખાકીય સાધનોમાં વૃધ્ધિ થાય તો તે શહેરની સુવિધાઓમાં વધારો થયો ગણાય. પરંતુ કોઈ શહેરમાં વાંચન – વિચાર – અભિવ્યક્તિ અને સંવાદને મજબૂત કરે તેવી વ્યવસ્થા ગોઠવાય તો શહેરની ગરીમા વધે છે. શહેરો મોટા થવા એ સાંપ્રત કાળમાં આપણે ત્યાં સહેજે બનતી ઘટના છે. અનેક શહેરોનો વધતો વિસ્તાર આપણી નજર સામે છે. વિસ્તાર થવાથી શહેરની લંબાઈ – પહોળાઈ વધે પરંતુ શહેરને ઊંચાઈ તો આવા કળા સાહિત્યલક્ષી આયોજનો થકીજ પ્રાપ્ત થઈ શકે છે. આવા કાર્યો એ ગોવર્ધન તોળવા જેવા અર્થપૂર્ણ છતાં અઘરા આયામો છે. પરંતુ નડિયાદના સૌ સાહિત્ય મર્મજ્ઞોની લાકડીના ટેકે આ ગોવર્ધન તોળાયો છે તેમ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ગુજરાતની ભૂમિ પર અગાઉ પણ આવા કેટલાક સાહિત્ય સંવર્ધનના તથા પ્રજાકીય જાગૃતિના ઉજળા દ્રષ્ટાંતો જોવા મળેલા છે. મહેન્દ્ર મેઘાણી જેવા પુણ્યશ્લોક પુરુષે પ્રજામાં વિચારશુન્યતા ઊભી ન થાય તેની તકેદારી રાખવાના હેતુથી ૧૯૫૦ માં મિલાપ શરૂ કર્યું. લગભગ ત્રણ દાયકા સુધી મિલાપના અસરકારક શસ્ત્ર સાથે તેઓ વિચારશીલ સમાજના નિર્માણ માટેની અવિરત સંઘર્ષ યાત્રા કરતા રહ્યા. પ્રાધ્યાપક પુરુષોત્તમ માવળંકરે પણ આવોજ પ્રયાસ હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યૂટની વ્યાખ્યાન શ્રેણીના બળુકા માધ્યમથી આજીવન કર્યો. કવિ શ્રી ઉમાશંકરે 'સંસ્કૃતિ' સામયિકનો દીપ પ્રગટાવીને આવા હેતુસરજ પ્રજ્વલિત કર્યો. પ્રયાસો અઘરા હતા છતાં થયાં. આવું કરનારા ઓછા હતા અને ક્યારેક તેનો પ્રતિભાવ પણ મોળો હતો. આમછતાં આ શ્રેય માર્યના પંથીઓ કદી હતાશ થયા નથી. આવી બાબતો પરત્વે સામાન્ય રીતે ઉદાસીનતા ધરાવતી ભીડની વચ્ચે પણ પોતાના વિચારદીપને ગ્રહણ કરીને એકલા જનારા આ વીરો વિસ્મૃત થાય તેવા નબળા નથી. આ વાતનો પડઘો પડઘો કવિગુરુ ટાગોરના શબ્દોમાં સંભળાય છે જે આપણી ભાષામાં શ્રી મહાદેવભાઈ દેસાઈએ સુંદર રીતે આલેખ્યો છે.

જો સૌએ પાછા જાય
ઓરે ઓ અભાગી
સૌએ પાછા જાય,
રણવગડે નીસરવા ટાણે
સૌ ખૂણે સંતાય
ત્યારે કાંટા-રાને તારા
લોહી નીગળતા ચરણે
ભાઈ ! એકલો ધાને રે...

આવા અનેક લોકોએ ભરેલા યશસ્વી પગલાનું પુણ્ય મરી પરવાર્યુ નથી તેની ઠોસ પ્રતિતિ નડિયાદના આ વ્યાખ્યાનશ્રેણીના કાર્યક્રમથી થાય છે.

ગ્રંથના પંથની આ શ્રેણીમાં અનેક સુવિખ્યાત લોકોની જીવનકથા – આત્મકથા વિશે વિદ્વાન વક્તાઓ દ્વારા વાત કરવામાં આવી છે. વહીવટીતંત્રના ભાગ તરીકે મહત્વના અને ચાવીરૂપ સ્થાનો પર રહીને ફરજ બજાવનાર અધિકારીશ્રીની પ્રસિધ્ધ થયેલી આત્મકથા પર વાત કરવાનો અવસર પણ ઉપર જણાવ્યું તેમ જુલાઈ માસમાં આ નીમીત્તે પ્રાપ્ત થયો હતો. સામાન્ય રીતે અધિકારીઓ પોતાના અનુભવો લખતા નથી. આ રીતે પોતાના અનુભવોનું આલેખન કરનાર વ્યક્તિઓની સંખ્યા પણ મર્યાદિત છે. ગુજરાતીમાં જે કેટલાક અધિકારીઓએ પોતાની કારકીર્દિને કેન્દ્રમાં રાખીને ભવિષ્યમાં માર્ગદર્શક બની રહે તેવા અનુભવો લખ્યા છે તેમાં શ્રી લલીતચન્દ્ર દલાલ તેમજ કુલિનચન્દ્ર યાજ્ઞિકનો સમાવેશ થાય છે. શ્રી પ્રવિણભાઈ લહેરીએ પણ આવા કેટલાક સ્વાનુભવ વ્યક્ત કરતા રસપ્રદ લખાણ પોતાની વર્તમાનપત્રની કટારમાં લખ્યા છે. આમ પણ આત્મકથા એક અઘરું સાહિત્ય સ્વરૂપ છે. કારણ કે તેમાં એકજ વ્યક્તિ પ્રસ્તુતિ કરનાર તેમજ ન્યાય તોળનાર હોય છે. આથી તેમાં હ્વદ્ધીર્ષૈંદૃંઅ – વસ્તુલક્ષીતાનું પ્રાધાન્ય રહે તેની સાવચેતી એ આ પ્રકારના સર્જનની અનિવાર્ય પૂર્વશરત છે. હસમુખ શાહ એક સામાન્ય વ્યક્તિમાંથી પોતાની સૂઝ – સમજ તથા નિષ્ઠાના બળે અસામાન્ય વ્યક્તિ બનેલા છે. પરંતુ તેઓ પોતાની સામાન્યતાને વિસરી ગયા હોય તેવું કોઈ જગાએ જણાતું નથી. તેમનું ગગનગામી વ્યક્તિત્વ પરંતુ તેમના મૂળ જમીનની વાસ્તવિકતામાં ઊંડે સુધી ધરબાયેલા છે.

આ પ્રકારના આત્મકથાના પુસ્તકોનું એક દસ્તાવેજી મૂલ્ય હોય છે. જે તે કાળે સમાજની તથા દેશની સ્થિતિનો પણ એક આછેરો ચિતાર તેમાંથી મળે છે. દેશી રજવાડાઓની અનેક ખરાબીઓની વાતો સામે તેમાંની કેટલીક સ્વસ્થ તથા સારી પ્રથાઓની બીજી બાજુનું પણ તેમાં સુલેખ દર્શન થાય છે. હસમુખભાઈએ સ્વપ્રસિધ્ધિની લેશમાત્ર લાલસા વગર એક અધિકૃત અને સ્પષ્ટ ચિત્ર ઉપસાવવાનો નિષ્ઠાવાન પ્રયાસ કરેલો છે. લેખકની ભાષા પ્રવાહી તથા સરળ છે. 'દીઠું મેં' ની અનેક વાતો કોઈપણ સમયે વાંચવી અને વાગોળવી ગમે તેવી ભાતીગળ છે. આથીજ આવી અનેક કથાઓ વિશે ગ્રંથના પંથમાં વાત થતી રહે તે ખરેખર નોંધપાત્ર છે. કાર્યક્રમના સંયોજકો આપણી પ્રશંસાના હક્કદાર બને છે. નડિયાદનો આ ચેપ અનેક નગરોને લાગે તેવું ઈચ્છીએ.

# વિશ્વકોષના ઉપક્રમે શ્રીમદ્ રાજચંદ્ર - ગાંધીનગર વિષે વકતવ્ય

**સાહિત્ય વૃત્ત**



મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વર્ણિમ સ્થાપના વર્ષ નિમિત્તે, મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા ઝવેરચંદ મેઘાણી એવોર્ડનું આયોજન કરવામાં આવેલ ચે. આ 'ઝવેરચંદ મેઘાણી એવોર્ડ માટે ગાંધીનગરના વરિષ્ઠ લોકસાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ પ્રમુખ દોલત ભટ્ટ તથા હેમ ચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વકુલપતિ અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદના પ્રમુખ અને મર્મજ્ઞ સાહિત્યકાર - સંશોધક ડૉ. બળવંત જાનીની પસંદગી કરવામાં આવેલ છે. આ વર્ષના એવોર્ડ માટે નવસાહિત્યકારોની પસંદગી કરવામાં આવેલ છે.'

દોલત ભટ્ટનું લોકસાહિત્યમાં અનન્ય યોગદાન રહેલ છે. અખબારી કોલમ 'ધરતીનો ધબકાર' થકી તેમણે વર્ષોથી વાંચકોને લોકસાહિત્યનો આસ્વાદ કરાવવા ઉપરાંત ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ સાથે જોડાવવાનું અને એ તરપ મોડવાનું કામ કર્યુ છે. દોલત ભટ્ટને મળનાર આ એવોર્ડ એ સાહિત્યસભા માટે એક ગૌરવ પૂર્ણ બાબત લેખી શકાય. તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ.

● ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના પૂર્વ મહાપાત્ર, મેગેઝીન 'શબ્દસૃષ્ટિ'ના પૂર્વસંપાદક, ગાંધીનગરના સુપ્રસિદ્ધ સાહિત્યકાર, વાર્તાકાર, જાણીતા કવિ હર્ષદભાઈ ત્રિવેદીને વર્ષ-૨૦૧૬નો 'કુમાર ચંદ્રક' આપવાની જાહેરાત કરવામાં આવી છે, જે ગાંધીનગર માટે એક ગૌરવની બાબત છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

● ગુજરાત વિદ્યાસભા અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે; સમાજસુધારક, સાહિત્યકાર અને અમદાવાદના જાહેર જીવનમાં અગ્રણી ફાળો આપનાર રમણભાઈ નીલકંઠ વિશે રતિલાલ બોરીસાગરે લખેલા પુસ્તકના 'રમણભાઈ નીલકંઠ'ના વિમોચન અને લોકાર્પણ સમારોહ; વિશ્વકોશ ભવનમાં ધીરુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. આ સમારોહમાં રતિલાલ બોરીસાગરે ભદ્રંભદ્ર વિશે વાત કરી હતી અને અર્ચન ત્રિવેદી ભદ્રંભદ્રની વાચિકમ્ની વાત કરવામાં આવી હતી. નલિની દેસાઈ, અંબરિષ શાહ, કુમારપાળ દેસાઈ અને મનુભાઈ શાહની વિશેષ ઉપસ્થિત હતી.

● વિમુક્ત અને વિચરતા સમુદાય માટે મહત્ત્વનું યોગદાન આપનાર, મિત્તલ પટેલને, મનસુખભાઈ મેદાણીના સહયોગથી અપાતો 'સમાજ ઉત્કર્ષ એવોર્ડ' ૧૩મી જુલાઈ, ૨૦૧૭ના રોજ, ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ અને જાણીતા સાહિત્ય મર્મજ્ઞ પ્રવીણ કે. લહેરીના હસ્તે એનાયત કરવામાં આવ્યો. આ સમારંભના અતિથિ વિશેષ તરીકે માધવ રામાનુજ ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે ગુજરાતના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે અગાઉ યોજાયેલી 'અખિલ ગુજરાત વાર્તાલેખન હરિફાઈના ત્રેવીસ વાર્તાકારોમાંથી પસંદ કરાયેલા ત્રણ પ્રજ્ઞાચક્ષુ સર્જકોને પારિતોષિકો એનાયત કરવામાં આવ્યાં હતાં.'

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત નીચે મુજબના બે વ્યાખ્યાનો સાંજના ૫.૩૦ વાગે હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજાશે.

તા. ૧૯ - ૭ - ૨૦૧૭ : શ્રી કુમારપાળ દેસાઈનું 'એક વિરલ યુગસર્જન સંયોગ : શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી વિશે વકતવ્ય.'

તા. ૨૬ - ૭ - ૨૦૧૭ બુધવાર : મહેશ ચંપકલાલનું 'નવી સદીની ગુજરાતી વ્યવસાયી રંગભૂમિ : ટૂચકા, ડૂસકાં અને આંચકા વિષે વકતવ્ય.'

● ગરવા ગિરનારની ગોદમાં - તળેટીમાં 'વૃંદાવન સભાગૃહ' મીનરાજમાં તા. ૪ - ૬ - ૨૦૧૭ના રોજ 'અગમ દેશનો પથિક : નાથાલાલ ગોહિલ'ના એક સાથે બૃહદ પાંચ ગ્રંથો (૧) 'ભજન સાગરનાં મોતી' - ભાગ ૧ થી ૪ (૨) 'ગુજરાતની આંતર ચેતના' - ભાગ ૧ થી ૨ (૩) 'લોકગીત વિમર્શ અને મેઘવાળનાં કંઠસ્થ લોકગીતો' (૪) 'મારગી સાધુ પરંપરા અને સંતવાણી' (૫) 'અગમ દેશનો પથિક : નાથાલાલ ગોહિલ...' નો લોકાર્પણવિધિ અને તેમનો અભિવાદન સમારોહ, પૂજ્ય સંત મોરારિ બાપુ, પૂ. જાનકી દાસબાપુ, પૂ. ગોવર્ધનદાસ બાપુ, અને ડૉ. ભગવાનદાસ પટેલની નિશ્રામાં અને વિશેષ મહેમાનો તરીકે પૂ. જગન્નાથજી મહારાજ, ડૉ. નિરંજન રાજયગુરુ, ડૉ. અંબાદાન રોહડિયા, હેમંત નાણાવટીની ઉપસ્થિતિમાં, ડૉ. નાથાલાલ ગોહિલના પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓની અભિવાદન સમિતિ દ્વારા ઉજવાઈ ગયો. આ પ્રસંગ સંતો અને સાહિત્યવિદો દ્વારા ગ્રંથોનું પોંખણું અને ડૉ. નાથાલાલનું અભિવાદન કરતાં, પૂજ્ય સંત મોરારિ બાપુએ તેઓના સંત-સાહિત્યના લેખન-સંશોધન કાર્યને બિરદાવીને તેઓને 'બ્રહ્મવેત્તા' ની ઉપમા આપી હતી અને તેમના કાર્યની અને સ્વાનુભૂતિના સમન્વયને ગણાવતાં હતા. ડૉ. ભગવાનદાસ પટેલે ડૉ. નાથાલાલ ગોહિલને માત્ર ગુજરાતના જ નહીં પરંતુ ભારતીય સંત સાહિત્યના રાષ્ટ્રીય કક્ષાના સંસોધક તરીકે ગણાવ્યા હતા. પૂ. જાનકી દાસબાપુ, પૂ. ગોવધનદાસ બાપુએ સંતસાહિત્યના તેમજ ડૉ. અંબાદાન રોહડિયાએ ડૉ. લોક સાહિત્ય અને લોકસંસ્કૃતિનાં અભ્યાસી તરીકે સરાહના કરી હતી, ડૉ. નાથાલાલનાં કુલ - ૩૫ પ્રકાશિત થયો છે, તેમાં સંતસાહિત્ય અંતર્ગત ૨૪, મધ્યકાલિન સાહિત્ય - ૪, લોકસાહિત્ય - ૨, દલિત સાહિત્ય - ૫ ગ્રંથો છે.

ડૉ. મનોજ રાવલ, ડૉ. રમેશ સાગઠિયા અને ડૉ. જીવરાજ પારધીએ સક્રિય રીતે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

- muljibhaidadhi@gmail.com